દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩ ૧૬૩ વર્ષ

મંગળવાર ૧૩ જાન્યુઆરી, ૨૦૨૬

# સોશ્યલ મીડિયા પર અશ્લીલતા ફેલાતી અટકાવવા કડક કાયદાઓની જરૂર

માઇક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ X (અગાઉનું ટ્વિટર) ફરી એકવાર વિવાદમાં સપડાયું છે. આ વખતે તે પોતાની AI ચેટબોટ ‘ગ્રોક’ (Grok) સાથે જોડાયેલી અશ્લીલ સામગ્રી અંગે વિવાદમાં છે. અનેક મોટી આઇટી કંપનીઓએ પોત પોતાની એઆઇ ચેટબોટ વિકસાવી છે, તે રીતે એક્સે પોતાની એઆઇ ચેટબોટ વિકસાવી છે જેને ગ્રોક નામ આપ્યું છે. ટ્વીટરના નવા માલિક ઇલોન મસ્ક આમ પણ એક વિવાદી વ્યક્તિ રહ્યા છે. તેમણે ટ્વીટર ખરીદ્યું ત્યારથી આ ટ્વીટર પણ વિવાદમાં છે. ટ્વીટરને મસ્કે X નામ આપ્યું, જે આમ તો બહુ શોભતું નથી. હાલમાં એક નવો વિવાદ ત્યારે ઉભો થયો જ્યારે બહાર આવ્યું કે એક્સની એઆઇ ચેટબોટ પર ઇમેજ ટુલ્સમાં એવી સગવડ છે કે તે કોઇ પણ વ્યક્તિની છબી સાથે ચેડા કરી શકે છે અને તે પણ તેની સંમતિ વિના. લોકોની છબીને બદલીને તેમને નિ:વસ્ત્ર પણ આ ટુલ્સ બતાવી શકે છે! આ ભયંકર છે. અનેક લોકોએ આનો દુરુપયોગ શરૂ કર્યો. ખાસ કરીને મહિલાઓની તસવીરો સાથે ચેડા કરવા અનેક પ્રેરાય તે સ્વાભાવિક હતું. એક્સ પર અશ્લીલ સામગ્રીની ભરમાર થઇ ગઇ. અનેક યુઝરો એઆઇ ગ્રોકનો દુરુપયોગ કરીને ફેક એકાઉન્ટો બનાવીને તેમાં ખાસ કરીને મહિલાઓ માટે અપમાનજનક એવી અશ્લીલ સામગ્રીનો સંગ્રહ કરવા માંડ્યા. અનેક દેશોમાં ઉહાપોહ શરૂ થયો. ભારત સરકારે લાલ આંખ કરીને એક્સને આવી સામગ્રી દૂર કરવા એક્સને અલ્ટીમેટમ આપ્યું. છેવટે એક્સે પોતાની ભૂલ સ્વીકારી છે અને લગભગ 3,500 પોસ્ટ્સ હટાવી દીધી છે અને 600 થી વધુ એકાઉન્ટ્સ ડિલીટ કર્યા છે, તેમ રવિવારે સરકારી સૂત્રોએ જણાવ્યું હતું.

X એ સત્તાવાળાઓને ખાતરી આપી છે કે તે ભારતીય કાયદાઓનું પાલન કરશે. આ કાર્યવાહી એવા સમયે કરવામાં આવી છે જ્યારે વિશ્વભરની સરકારો તરફથી ‘ગ્રોક’ પર દબાણ વધી રહ્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી X પર ફેલાયેલી અશ્લીલ અને સંમતિ વિનાની જાતીય સામગ્રી તેમજ ડેટા સુરક્ષાને લઈને નિયમનકારોએ જનરેટિવ AI એન્જિનની તપાસ તેજ કરી છે. ભારતીય સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, X એ પોતાની ભૂલ સ્વીકારી છે અને ભારતીય કાયદાઓનું પાલન કરવાની ખાતરી આપી છે. તે મુજબ, તેણે લગભગ 3,500 કન્ટેન્ટ બ્લોક કર્યા છે અને 600 થી વધુ એકાઉન્ટ્સ ડિલીટ કર્યા છે. સૂત્રોએ જણાવ્યું કે કંપનીએ એવી પણ ખાતરી આપી છે કે હવે પછી તે પ્લેટફોર્મ પર અશ્લીલ સામગ્રીને મંજૂરી આપશે નહીં. ગયા રવિવારે, X ના ‘સેફ્ટી’ હેન્ડલ પરથી કહેવામાં આવ્યું હતું કે તે તેના પ્લેટફોર્મ પર ચાઈલ્ડ સેક્સ્યુઅલ એબ્યુઝ મટીરીયલ (CSAM) સહિતની ગેરકાયદેસર સામગ્રી સામે કાર્યવાહી કરે છે, જેમાં સામગ્રી હટાવવી, એકાઉન્ટ્સ કાયમી ધોરણે સ્થગિત કરવા અને સ્થાનિક સરકારો તેમજ કાયદા અમલીકરણ એજન્સીઓ સાથે મળીને કામ કરવાનો સમાવેશ થાય છે. એક્સે પોતાના ઇમેજ એડિટીંગના ટુલ્સ માત્ર પેઇડ યુઝરો માટે મર્યાદિત કર્યા છે પરંતુ નિષ્ણાતો કહે છે કે આનાથી તેના દુરુપયોગ પર નિયંત્રણ આવશે નહીં. તેમની વાત સાચી છે, હજી પેઇંગ યુઝરો તો આનો દુરુપયોગ કરી જ શકે છે. xAI ના ચેટબોટ ‘ગ્રોક’ પર યુઝર પ્રોમ્પ્ટ્સ દ્વારા ઈમેજીસના ‘ડિજિટલ અનડ્રેસિંગ’ (અશ્લીલ છેડછાડ) ને કારણે X વિશ્વભરમાં ટીકાઓનો સામનો કરી રહ્યું છે. યુરોપ અને એશિયા સહિત વિશ્વભરની સરકારોએ X ને ચેતવણી આપી છે કે જો પ્લેટફોર્મ ઓનલાઈન સુરક્ષાના નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ જશે તો તેણે ગંભીર પરિણામો ભોગવવા પડશે. ભારત ઉપરાંત, યુકે (બ્રિટન) અને યુરોપિયન યુનિયન (EU) એ પણ ‘ગ્રોક’ ડીપફેક ઈમેજ વિવાદ મામલે ‘X’ પર દબાણ વધાર્યું છે. બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટારમરે આ બાબતને ઘૃણાસ્પદ ગણાવી છે, જ્યારે અહેવાલો અનુસાર યુરોપિયન કમિશને ‘X’ ને AI ચેટબોટ ગ્રોક સાથે સંબંધિત તમામ દસ્તાવેજો લાંબા સમય સુધી સાચવી રાખવા જણાવ્યું છે. યુકેના સ્વતંત્ર સંચાર નિયામક, Ofcom એ તાજેતરમાં એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે અમે ‘X’ પર ગ્રોકની એ વિશેષતા (ફીચર) અંગે ઉઠાવવામાં આવેલી ગંભીર ચિંતાઓથી વાકેફ છીએ જે લોકોની નગ્ન તસવીરો અને બાળકોની જાતીય તસવીરો બનાવે છે. Ofcom એ વધુમાં ઉમેર્યું હતું કે યુકેમાં યુઝર્સની સુરક્ષા માટેની તેમની કાયદેસરની ફરજોનું પાલન કરવા માટે તેમણે કેવા પગલાં લીધાં છે તે સમજવા માટે અમે ‘X’ અને ‘xAI’ સાથે તાત્કાલિક સંપર્ક કર્યો છે. તેમના પ્રતિસાદના આધારે, અમે ઝડપી મૂલ્યાંકન કરીશું કે શું ત્યાં પાલન સંબંધિત એવી કોઈ ખામીઓ છે કે જેમાં તપાસની જરૂર હોય. આ અઠવાડિયા દરમિયાન, ત્રણ ડેમોક્રેટિક યુએસ સેનેટરોએ એક ખુલ્લા પત્રમાં એપલ (Apple) અને ગૂગલ (Google) ને વિનંતી કરી છે કે તેઓ સેવાની શરતોનું ઉલ્લંઘન કરવા બદલ તેમના એપ સ્ટોર્સ પરથી ‘X’ અને ‘ગ્રોક’ ને સસ્પેન્ડ કરે. બીજા બધા પગલા લેવા કરતા ખરેખર તો આવી કોઇ પણ કંપનીને અશ્લીલ સામગ્રીનું સર્જન થાય કે તેનો ફેલાવો થાય તેવા કોઇ પણ ટુલ્સ અને અનુકૂળતાઓ યુઝરોને પુરી પાડતા રોકવા વિશ્વના દેશોની સરકારોએ કડક કાયદાઓ ઘડવાની જરૂર છે.

## ઈશ્વરને સોંપી આગળ વધો

એક દિવસ ગુરુજીએ શિષ્યોને કહ્યું, ‘‘આશ્રમના દરવાજા પાસે જે પહેલો રાહગીર મળે તેને અંદર લઇ આવો.’’ શિષ્યો પહેલો જે રાહગીર આશ્રમના દરવાજા પાસેથી પસાર થયો તેને લઇ આવ્યા. ગુરુજીએ તે માણસને પૂછ્યું, ‘‘જો તમને આગળ રસ્તામાં સો સોનામહોરો ભરેલી થેલી મળી જાય તો તું શું કરે?’’ પેલા માણસે ગુરુજીને પ્રણામ કરતાં કહ્યું, ‘‘ગુરુજી, હું બહુ પ્રામાણિક છું, તરત જ તેના માલિકની શોધ કરું અને તેને આપી દઉં અથવા નગરના રાજ ખજાનામાં આપી દઉં.’’ ગુરુજીએ તે માણસને આભાર માની વિદાય કર્યો અને શિષ્યોને કહ્યું, ‘‘આ માણસ મૂર્ખ છે.’’ શિષ્યોને નવાઈ લાગી કે ગુરુજી આમ કેમ કહે છે. આ માણસે તો સાચી જ વાત કરી છે. ગુરુજીએ આપણને પણ એમ જ તો શીખવાડ્યું છે કે કોઈ પારકી કે અણહક્કની વસ્તુ લેવી નહિ. બીજે દિવસે ગુરુજીએ ફરીથી જે સામો મળે તે પહેલા રાહગીરને આશ્રમમાં લાવવા કહ્યું અને તે રાહગીરને પણ એ જ પ્રશ્ન પૂછ્યો. તેણે તરત કહ્યું, ‘‘હું કંઈ મૂર્ખ નથી કે થેલીના માલિકને શોધું. સામેથી મળેલી લક્ષ્મી સ્વીકારી થેલી લઈને ઘરભેગો થઈ જાઉં.’’ ગુરુજીએ તેને પણ વિદાય કર્યો અને શિષ્યોને કહ્યું, ‘‘આ માણસ મહા ધૂર્ત છે.’’ત્રીજે દિવસે ગુરુજી પોતે આશ્રમના દરવાજા પાસે ઊભા રહ્યા અને જે પહેલો માણસ પસાર થયો તેને આશ્રમમાં લઈને આવ્યા અને પૂછ્યું, ‘‘જો રસ્તામાં સો સોનામહોરો ભરેલી થેલી મળી જાય તો તું શું કરે?’’ પેલા માણસે ગુરુજીને પ્રણામ કરતાં કહ્યું, ‘‘ગુરુજી,હમણાં તો કંઈ કહી ન શકું કે શું કરું? આ ચંચલ મનનો શું ભરોસો,ક્યારે કાબૂમાં ન રહે અને દગો કરી દે? તે ક્ષણે હું શું કરું તે ખબર નથી પણ જો પરમાત્માની કૃપા રહે અને મારી સદ્બુદ્ધિ બની રહે તો હું તેને તેના માલિકને પાછી આપી દઉં.’’ ગુરુજીએ તે માણસને પણ વિદાય કર્યો અને શિષ્યોને કહ્યું, ‘‘આ માણસ સાચો છે.’’ શિષ્યોથી હવે રહેવાયું નહિ. તેમણે તરત પૂછ્યું, ‘‘ગુરુજી, તમે શું સમજાવવા માંગો છો?’’ ગુરુજી બોલ્યા, ‘‘પહેલો માણસ પોતાને પ્રામાણિક માને છે પણ મન કઈ ઘડીએ ભૂલ કરાવશે, ખબર પણ નહિ પડે...બીજો માણસ પોતાને જ ચતુર સમજે છે અને અન્યનું લઈ લેવામાં તેને ભગવાનનો ડર લાગતો નથી અને ત્રીજો માણસ સાચો એટલે છે કે તેણે પોતાની ડોર પરમાત્માને સોંપી છે. આવા વ્યક્તિઓ ઈશ્વરને બધું સોંપીને આગળ વધે છે. તેમનાથી ક્યારેય ખોટો નિર્ણય થતો નથી. આપણે કોઇ પણ નિર્ણય જાતે લેવાને બદલે મન અને બુદ્ધિ ભગવાનના હાથમાં આપી દેવી જોઈએ.ભરોસો રાખજો કે જીવનમાં કોઇ પણ ઉતાર-ચઢાવ આવે, જીવનમાં કોઈ ફરક નહિ પડે.’’ ગુરુજીએ શિષ્યોને ઈશ્વરને સઘળું સોંપી આગળ વધવાની વાત પ્રત્યક્ષ દાખલા સાથે સમજાવી.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

# જો જો તમારું ગળું ના કપાય,જો જો કોઈનું ગળું ના કપાય!

## શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

> આમ તો આપણે સૌએ હવે એ વિચારવાનો સમય આવી ગયો છે કે આપણે દુનિયાની જેમ માત્ર પતંગને ચગાવવામાં આનંદ લઈ શકીએ કે નહીં? જો પેચ કાપવાનું પડતું મૂકીએ તો સાદી દોરીથી પતંગ ચગાવી શકાય અને તો દર વર્ષે અનેક ગળાં કપાતાં રોકી શકાય.

‘‘દુનિયા આખીમાં પતંગ ચગાવવામાં આવે છે, માત્ર ગુજરાતમાં બીજાની કાપવા ચગાવાય છે’’.- આમ તો આ વાત ગમ્મત માટે અને ગુજરાતની ઉત્તરાયણ માટે વિશિષ્ટતા બતાવવા માટે કહી શકાય તેમ છે પણ પતંગના પેચ અને બીજાનો પતંગ કાપવામાં હવે ગુજરાતી વાહન ચાલકોનાં ગળાં કપાવા લાગ્યાં છે. ચાઈનીસ દોરીની ચર્ચા ચારે તરફ છે પણ વાસ્તવમાં બીજાનો પતંગ કાપવા માટે દોરીને સરેસ અને કાચના ભૂકાથી પાકી કરવામાં આવે છે તે જ ગળાને આડી બ્લેડની જેમ કાપે છે.

ગુજરાતમાં છેલ્લાં વીસ વર્ષથી ઉત્તરાયણ સમયે પતંગની દોરીથી વાહનચાલકના ગળાં કાપવાની ઘટનાઓ બને છે. લગભગ સો થી વધુ લોકો આ અકસ્માતમાં મૃત્યુ પામ્યાં છે પણ પતંગની દોરથી પક્ષીઓ ઘાયલ થાય છે અને તેની વાત ચિંતા અને સારવારની વ્યવસ્થા કે અભિયાન ચલાવાય છે તેવું કશું માણસોને બચાવવા માટે થતું નથી.

માણસોએ તો જાતે જ બચવું પડશે. આમ તો કહેવાય છે કે અનુભવથી મોટો કોઈ શિક્ષક નથી પણગુજરાતના બાઈક ચાલક આટલાં વર્ષોના અનુભવ અને પતંગની દોરીથી ગળાં કપાયાંના સમાચાર જોયા પછી પણ ઉત્તરાયણના સમયમાં વાહન ધીમે નથી ચલાવતાં. વળી આ સમય દરમિયાન વાહનમાં બાળકને બેસાડવાનું થાય તો આગળ ન બેસાડવું. બાળકનાં અંગો કોમલ હોય છે અને પતંગનો તીક્ષ્ણ દોરો તેમને વધારે ઘાયલ કરે છે માટે ઉત્તરાયણના સમય દરમ્યાન બાળકોને એકટીવા કે બાઈક પર આગળ બેસાડવાં નહીં. ગળામાં મફલર ઉપરાંત કંઈક એવું રાખવું જે દોરાને રોકી શકે. આમ તો તમામ વાહનચાલકો માટે હેલ્મેટ ફરજીયાત છે પણ શહેરીજનો તે પહેરતાં નથી. તો ઉત્તરાયણના સમયમાં હેલ્મેટ પહેરવાનું રાખો, જીવ બચશે. ઠંડી સામે પણ રક્ષણ મળશે.

આમ તો આપણે સૌએ હવે એ વિચારવાનો સમય આવી ગયો છે કે આપણે દુનિયાની જેમ માત્ર પતંગને ચગાવવામાં આનંદ લઈ શકીએ કે નહીં? જો પેચ કાપવાનું પડતું મૂકીએ તો સાદી દોરીથી પતંગ ચગાવી શકાય અને તો દર વર્ષે અનેક ગળાં કપાતાં રોકી શકાય.

દુનિયામાં માત્ર પતંગ ચગાવાય છે માટે જ તેઓ પતંગમાં વૈવિધ્ય લાવી શક્યા છે. આપણે એકબીજાની કાપવામાંથી આગળ જ નથી વધતાં. બધાં જ સામાજિક સમજણનાં કામ સરકાર જ કરે તેવું ના હોય! જેમ આપણે લગ્નના કાયદામાં ફેરફાર માટે માંગ કરીએ છીએ તેવી જ રીતે હવેથી પાકી દોર પર પ્રતિબંધ મૂકવાની વાત પણ કરી શકાય અને એવું ભૂલમાંય વિચારતાં નહી કે પતંગના દોર ઉત્તરાયણના બે દિવસ જ હેરાન કરે છે તો તેની આવી ચર્ચા કે ચિંતા કરવાની જરૂર શું છે? હકીકત એ છે કે આ વર્ષે જ ઉત્તરાયણના એક મહિના પહેલાં એક યુવાનનું ગળું પતંગની દોરીથી કપાયું છે અને ગયા વર્ષે ઉત્તરાયણના મહિના પછી પણ રસ્તા પર ચડતા પતંગે યુવકનો ભોગ લીધો હતો.

વાહનચાલકોએ ધ્યાનથી વાહન ચલાવવાનું હોય તેની સાથે જ આપણે પતંગ ચગાવવાવાળાએ પણ ધ્યાન રાખવું. ખાસ તો નાનાં છોકરાંઓ દોડ-દોડમાં અકસ્માતનો ભોગ બને છે. મોટાં લોકોએ રસ્તા પર પતંગ ચગાવવાથી બચવું જોઈએ. જવાબદાર નાગરિકની ભૂમિકા આપણે સૌએ ભજવવી પડશે. દર વર્ષે પાંચ-સાત યુવાનોનાં ગળાં કપાય અને સો થી વધુ ઘાયલ થાય અને છતાં આપણે તેનો વિચાર જ ના કરીએ તે ન ચાલે! ભારત દુનિયાની પાંચ મોટી આર્થિક સત્તા બને તે આનંદની વાત છે પણ આર્થિક મહાસત્તામાં પતંગની દોરથી ગળાં કપાય અને માણસ મોતને ભેટે એ કેટલું યોગ્ય?

તો અંતે વાત એ કે આ ઉત્તરાયણના અઠવાડિયામાં સૌ સાચવજો. જાહેર જીવનના બધા જ મુદ્દામાં અંતે કામ લાગે છે નાગરિક સમજણ, જે આપોઆપ જ વિકસે છે. દરેક શહેરમાં ભાઈને ખબર જ હોય છે કે જે મધ્યમ વર્ગના અને ગરીબ વર્ગનાં લોકો રહેતાં હોય છે ત્યાં પતંગ વધારે ચગે છે, રસ્તા પર ચગે છે. આવા વિસ્તારમાં સાચવીને ચલાવવું. અકસ્માતના પાયામાં વાહનચાલકની ગતિ મહત્ત્વનો ભાગ ભજવે છે માટે ધીમે ચલાવવું. ટુ વ્હીલરનાં ચાલકોએ આમ પણ ધીમે ચલાવતાં શીખવાની જરૂર છે. ઉત્તરાયણ ના હોય તો પણ સાચવીને ચલાવવા જેવું છે.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## સુરતીલાલા સ્વાદ સાથે જીવન અને સમજણના પણ આશક છે

સંસ્કાર સાહિત્યમાંય જે સતત કરે છે વૃધ્ધિ, વેપાર ઉદ્યોગની સાથે વધે આંતરિક સમૃધ્ધિ.!’’

ધ સાઉથર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ અને ઈન્ડસ્ટ્રી દ્વારા છેલ્લાં પાંચ વર્ષથી એક અનોખો કાર્યક્રમ થાય છે જેમાં માત્ર વેપાર વાણિજ્ય નહીં પણ વ્યક્તિત્વના વિકાસ અને નાગરિકત્વની બહુપરિમાણીય સજ્જતા વિકસે તેવું આયોજન થાય છે.

આ વર્ષે આ ઉપક્રમમાં ગણિત મહોત્સવ ઉજવાયો. જેમાં જે તે ક્ષેત્રના વિદ્વાન વક્તાઓએ કર્મ, રાજનીતિ,ધર્મ, લાગણી, આરોગ્ય અને મનોરંજન જેવા વિષયોનો જીવન સાથે અનુબંધ જોડીને સુરતના ભાવકોને સજ્જ કર્યા. એક વેપાર ઉદ્યોગના વિકાસ માટેની સંસ્થા નાગરિક ઘડતરના આવા કાર્યક્રમો યોજે તે બદલ સંસ્થાના હોદ્દેદારોને બિરદાવીએ. સાથે સાથે સમૃદ્ધિના ચોથા માળના હોલને ચિક્કાર ભરી અન્ય ત્રણ સેમિનાર હોલને પણ ચિક્કાર ભરીને એલ.ઈ.ડી પર નિહાળનાર સુરતીલાલાઓએ સાબિત કર્યું કે તેઓ માત્ર સ્વાદ રસિયા જ નથી, જીવન અને સમજણના પણ આશક છે. બ્રેવો સુરતીલાલા!

સુરત - પ્રકાશ પરમાર

## ચાઈનીઝ દોરી અને પક્ષીઓની પીડા આપણે શું કરી શકીએ?

ઉત્તરાયણ આનંદ અને ઉમંગનું પર્વ છે. રંગબેરંગી પતંગો, “કાપ્યો છે!”ની ગુંજ અને ઉત્સાહભર્યું આકાશ – પરંતુ આ ઉજવણીની પાછળ એક લોહિયાળ હકીકત છુપાયેલી છે. ચાઈનીઝ અને કાચ પાયેલી તીક્ષ્ણ દોરીના કારણે ઉત્તરાયણ આજે હજારો અબોલ પક્ષીઓ માટે મૃત્યુનું કારણ બની રહી છે. આપણો ક્ષણિક આનંદ અનેક નિર્દોષ જીવનો અંત લાવે છે, જે વિચારવા મજબૂર કરે છે કે શું આપણો શોખ કોઈના જીવ કરતાં મોટો છે?

પહેલાં સુતરાઉ દોરાનો ઉપયોગ થતો, જે ઓછો હાનિકારક હતો. આજે નાયલોન, પ્લાસ્ટિક અને કાચવાળી ચાઈનીઝ દોરીઓ એટલી ધારદાર છે કે પક્ષીની પાંખ કે ગરદન કપાઈ જાય છે. દર વર્ષે કબૂતર, સમડી, પોપટ સહિત હજારો પક્ષીઓ ઘાયલ થાય છે અથવા મૃત્યુ પામે છે. તહેવાર પછી પણ ઝાડ અને વીજળીના તાર પર લટકતી દોરીઓ મહિના સુધી પક્ષીઓ માટે ફાંસીનો ફંદો બની રહે છે.

પક્ષીઓને બચાવવા માટે ચાઈનીઝ દોરીનો સંપૂર્ણ બહિષ્કાર, સવારે અને સાંજે પતંગ ઉડાડવાનું ટાળવું, ઘાયલ પક્ષી દેખાય તો હેલ્પલાઈનનો સંપર્ક કરવો અને લટકતી દોરીઓનો નિકાલ કરવો અત્યંત જરૂરી છે.

જીવદયા આપણી સંસ્કૃતિનું મૂળ છે. ઉત્તરાયણનો સાચો આનંદ ત્યારે જ છે જ્યારે પતંગ સાથે પક્ષીઓ પણ નિર્ભય બનીને ઉડી શકે. ચાલો, આ તહેવારને કરુણાથી ઉજવીએ, ક્રૂરતાથી નહીં.

અમદાવાદ- કે.ડી. સેદાણી

## ઉતરાયણ તો બસ સુરતની જ

સુરતીઓ પોતાના આગવા અંદાજ, ઝિંદાદિલી અને રમુજી સ્વભાવ માટે સમગ્ર દેશમાં જાણીતા છે. ગમે તેવી મુશ્કેલી હોય, તેને હસતાં હસતાં પાર કરવાની હિંમત સુરતીઓની ઓળખ છે. પતંગ, પોંક અને પાપડી પ્રત્યેનો તેમનો શોખ તો જાણીતો જ છે. ઉંધીયું, પોંક, ઘારી લોચો અને ખાસ કરીને ઉત્તરાયણ–આ બધું સુરતની મોનોપોલી સમાન છે. સુરતમાં ઉત્તરાયણ માત્ર તહેવાર નથી, પણ એક ઉત્સવ છે. રાંદેર જેવા વિસ્તારોમાં પતંગ બનાવવાનું કામ પેઢી દર પેઢીથી ચાલે છે અને આખા વર્ષ પતંગો બને છે. સુરત, અમદાવાદ, ખંભાત અને નડિયાદ પતંગ ઉદ્યોગના મુખ્ય કેન્દ્રો છે. આ ગૃહઉદ્યોગથી લાખો લોકોને રોજગાર મળે છે અને હજારો કરોડનું આર્થિક પરિભ્રમણ થાય છે.

ઉત્તરાયણ દરમિયાન આખા મોહલ્લા, શેરીઓ અને ધાબાઓ જીવંત બની જાય છે. દેશ-વિદેશમાં રહેલા સુરતીઓ પણ આ દિવસો માટે સુરત આવી પહોંચે છે. આખો દિવસ પતંગબાજી અને સાંજથી મોડી રાત સુધી સામૂહિક ખાણીપીણી, મસ્તી અને ફટાકડાં ચાલે છે.

સુરતીઓની સૌથી મોટી વિશેષતા તેમની બિનસાંપ્રદાયિક ભાવના છે–દરેક તહેવાર સૌ સાથે મળીને ઉજવાય છે. સાચે જ, સુરતીઓ એટલે મોજ, ઉમંગ અને એક અનોખી જીવનશૈલી

સુરત - અબ્બાસભાઈ કૌકાવાલા

## સ્વામી વિવેકાનંદ:એક આદર્શ જીવન અને શિક્ષણના પ્રેરક

સ્વામી વિવેકાનંદ ભારતના મૌલિક ચિંતક, સામાજિક સુધારક અને વિખ્યાત આધ્યાત્મિક ગુરુ. તેઓ માત્ર સંત નહોતા પરંતુ ભારતીય યુવા પેઢી માટે પ્રેરણાનું મૂર્તિમંત રૂપ હતા. તેમણે શિક્ષણ, આધ્યાત્મિકતા અને સમાજ સુધારણાના ક્ષેત્રમાં નવી દિશા દર્શાવી. તેમનું જીવન અને વિચારો આજે પણ વિશ્વભરમાં પ્રસ્તુત છે.

આ તપોભૂમિ અનેક સંતો અને રાષ્ટ્રભક્ત જનમ્યા છે. જેમાં એક હતા પરમવંદનીય સ્વામી વિવેકાનંદજી. 12મી જાન્યુઆરી એમનો જન્મદિવસ આ દિવસને યુવા દિન તરીકે ઉજવવામાંઆવે છે. કારણકે એમને યુવાનોમાં અખૂટ શ્રદ્ધા હતી, પોતાના વિચારો અને કાર્યના વહન માટે યુવાનો પર વિશ્વાસ હતો. 39 વર્ષ પાંચ મહિના અને 22 દિવસના ટૂંકા જીવનમાં હિન્દુ ધર્મનો વિશ્વમાં ડંકો વગાડ્યો હતો.

સ્વામી વિવેકાનંદ યુવાનોને ઉદ્દેશીને કહે છે કે:”અરે યુવાનો! પ્રચંડ અને દ્રઢ ઈચ્છા શક્તિથી તમે સફળતા મેળવી શકો છો” એક જ વાક્યમાં સફળતાની ગુરુ ચાવી યુવાનોને આપે છે. તમારા પ્રારબ્ધનું ઘડતર કરનાર તમે પોતે જ છો. સ્વામીજી રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્ર ચેતનાના મસાલી છે. જન્મદિન નિમિત્તે કોટીકોટી વંદન.

બીલીમોરા- ચૌધરી ગીરીશકુમાર એફ

## માનવભક્ષી લોકો

જંગલી અવસ્થામાં માનવપણ જંગલી જાનવરોની જેમ માંસાહાર માટે રાક્ષસી વ્યવહાર કરતો હતો. અન્ય માનવનું ભક્ષણ કરવાનું તેને માટે માત્ર જઠરાગ્નિ ઠારવાનું કારણ હતું. ખેતીવાડીની શોધ થઈ, સમુદાયોના ગામો વસ્યા તે પછી તે સુધરવા લાગ્યો. આમ છતા આસુરીવૃત્તિ નિર્મૂળ થઇ ન હતી અને વીસમી એકવીસમી સદીમાંયે માનવભક્ષણના બનાવો બનતા રહ્યા. દુષ્કાળમાં તો માનવતાને વિસરી જતાં, પોતાનું જીવન ટકાવવા માટે એવી મજબૂરી કોઇના દ્વારા કયારેક થઇ રહેતી. પણ નિર્બળ મન ધરાવનાર અન્ય પાત્રો પ્રત્યે દ્વેષ, ધૃણા, પ્રતિશોધથી પ્રેરાઇ રાક્ષસરૂપ ધારણ કરીને તેવાની હત્યા કરી તેને માર્યા પછી તે અંગોના ટુકડા કરી બાફીને શેકીને પિશાચી ભક્ષણ કરવાના કિસ્સાઓ પણ બન્યા છે. યુગાન્ડાનો પાશવી સરમુખત્યાર ઈદી અમીત નરભક્ષી હતો, છાપામાં ચર્ચા જગાડનાર એક બનાવમાંતો તે પોતાના મિત્રનું જ કાળજુ કાપીને ખાઇ ગયો હતો. તેના ફ્રીઝમાં કપાયેલાં અંગો રહેતા, વળી તે કાચું માંસપણ આરોગી જતો. ઈદી અમીને અનેકને આંતરી નરસંહાર કર્યો હતો. લાખો લોકો તેના હત્યાચક્રનો ભોગ બન્યા હતા. તે જરા સરખો પણ પોતાનો વિરોધ કે નકાર સહન કરી શકતો ન હતો. તેની લંપટલીલાનો ભોગ અનેક મહિલાઓ બની હતી. ભારતીય સંસ્કૃતિમાં જન્મેલા અને સંસ્કાર, શિક્ષણ પામેલાઓમાંથીયે એવા કિસ્સા બન્યા છે કે વિકૃત માનસ થઇ જતા ઈચ્છિત વ્યકિતનું ખૂન કરી તેના દેહના કટકા કરી ભક્ષણ દ્વારા સંતુષ્ટ થઇ પાશવી લીલા ખેલી હતી. આવા નરપિશાચોને સભ્ય માનવસમાજમાં સ્થાન બિલકુલ ન હોય.

સુરત - યૂસુફ એમ. ગુજરાતી

# ઉત્તરાયણની રામાયણ..!


*પતંગ ઉઠાવી ચાંચમાં ઓલી ચકલી ઊડી આકાશ*
*હૈયાને કોઈએ હળી કરી થયો સંક્રાંતિનો આભાસ*

ઉત્તરાયણમાં પુરુષોની અને નવરાત્રીમાં બહેનોની ‘ઈમ્યુનિટી’ કેવી રીતે વધે છે, એ શોધવા કોઈ વૈજ્ઞાનિક પૃથ્વી ઉપર હજી પાક્યો નથી. ઉત્તરાયણમાં પુરુષોના બાવડા થનગને ને નવરાત્રીમાં બહેનોના ઘૂંટણિયા..! નવરાત્રીમાં માતાજી દેખાય ને ઉત્તરાયણમાં આકાશ..! મઝાની વાત એ છે કે, આઝાદીને માંડ ૧૦ મું બેઠેલું હશે, ત્યારે ૧૯૫૭ માં AVM મદ્રાસ પ્રોડક્ષન દ્વારા ‘ભાભી’ ફિલ્લમ પ્રગટ થયેલી. આ ફિલ્લમમાં આમ તો કરુણ રસનું જ મોળવણ વધારે હતું. જે કોઈ આ ફિલ્મ જોવા જાય એની આંખમાં ચોમાસું આવી જાય. મરચાની ભૂકીનું સ્પ્રે છાંટતાં હોય એમ, લોકો રડતાં રડતાં બહાર નીકળતાં. રડવા માટે જ પ્રેક્ષકો ટીકીટ લઈને ‘ભાભી’ જોવા જતાં. પણ ફિલ્મમાં ચિત્રગુપ્ત જેવા સંગીતકાર અને લતા-રફીજીની કામયાબ સ્વર-જોડીની કરામત હતી. એટલે રણમાં વીરડી ફૂટે એમ, ‘ચલી ચલી રે પતંગ મેરી ચલી રે’નું એક ગીત પણ આવતું. આ ગીતને ૬૯ વરસ થયાં છતાં, આજે પણ પતંગ જુએ ને હોઠમાંથી આ ગીત પ્રસવ થવા માંડે. કંઈ કેટલીય ભાભીઓ પણ ધાબે ચઢીને ફિરકી ફેરવતાં આ ગીત લલકારે..! અને તમને તો ખબર છે કે, લોકોનો ગીત ગાવાનો ટેસડો કેવો હોય? એની જાતને, તહેવાર જોઈને ગળું ખંખેરે..! ચાંદો જુએ એટલે ‘તું મેરા ચાંદ મૈં તેરી ચાંદની’ની તાન છેડે..! ડુંગરા જુએ એટલે, ‘મૈં તો ડોલતો ડુંગર દીઠો રે’નું ગીત કાઢે અને ભેંસ જો દેખાઈ ગઈ તો, ભેંસનાં ગીત કાઢે ‘‘મેરી ભેંસકો ડંડા કયું મારા..!’ એમ પતંગ જોઈને પતંગનું ગીત કાઢે ‘ચલી ચલી રે પતંગ મેરી ચલી રે..!’ પછી તો જેવી જેની મતિ ચમનિયા..! પણ મકરસક્રાંતિ આવે એટલે, આ ગાયન ઉત્તરાયણની આરતીની જેમ ગૂંજવા માંડે. તંઈઈઈઈ..?

ઉત્તરાયણનો આ પ્રભાવ છે. નખશીખ દેખાતો સજ્જન પણ, ‘ક્રાઈમ’ના રવાડે ચઢી ગયો હોય એવો લાગે. પતંગવીર બની, ધાબે ચઢી ધિંગાણાં કરવા માંડે. આપણને એવો જ દુર્ભાસ થાય કે, સુરતીઓએ વલસાડ ઉપર ચઢાઈ કરી કે શું..? કાઈપો-લપેટ-ભેરવ-ખેંચ- જેવા હિંસક બરાડા ને ભૂંગળાં એવાં વગાડે કે, ઘોડિયામાં સૂતેલા છોકરાને પણ ‘પતંગ-ગુનિયા’ થયો હોય એમ હલી ઊઠે..! બાળકને માંડ પરીનાં સ્વપ્નાં આવતાં હોય એ પણ વિંખાઈ જાય..!

મકરસંક્રાંતિ એટલે શુરાતન સાથેનો સામાજિક કોમેડી શો..! હસતાં હસતાં કાપાકાપીની પતંગબાજી થાય. બાજુવાળા સાથે ભલે વાડકી-વ્યવહાર થતા હોય કે, અડધી ચાહ પીવાના સંબંધ હોય, પણ ઉત્તરાયણમાં કાપકાપીની વાત આવે તો પાડોશીને પણ નહિ છોડવાના એવું ધ્યેય..! તો જ ખુમારી ચઢે. પછી ભલે સાથે બેસીને તલના લાડુ, ઊંધિયું ઝાપટે..! ઉત્તરાયણ એટલે માત્ર ધાર્મિક કે ઋતુ-પરિવર્તનનો તહેવાર જ નહિ, મોજ-મસ્તીમાં મહાલવાનો પણ તહેવાર..! જેમાં ચગાવનાર હીરો પણ હોય ને ખલનાયક પણ..! બેવડી ભૂમિકા નિભાવે..! જિંદગીનું પણ આવું જ છે મામૂ..! પતંગ જેવી..! પતંગને ઊંચે ચઢાવવો હોય તો દોરી મજબૂત જોઈએ ને જિંદગીને ઊંચે ચઢાવવી હોય તો તંદુરસ્તી જોઈએ. બધાને ખબર છે કે, પતંગ ચગવાથી કે કપાવાથી આકાશને કોઈ અસર થવાની નથી, છતાં તલના લાડુ, ખાણીપીણી ને ઊંધિયું ખાઈને આકાશનો દસ્તાવેજ કરવા નીકળ્યા હોય એવું જોમ કાઢે. પતંગવીરની યાર આખી ભાષા બદલાઈ જાય..! ભાષાની પથારી ફેરવી નાંખે. હુરતી ભાષામાં એવા ગગનભેદી નાદ કાઢે કે, ક્યારેક તો શબ્દકોશમાં શબ્દ પણ શોધેલો નહિ જડે..!છતાં કોઈને કોઈ વાતે માઠું નહીં લાગે.જેમ કે.....

“..... એઈઈઇ..કાઈપો, જાય.. જાય..જાય..ચાંદલિયો જાય...! જો..જો ટોપા જો, પેલો ગુલાંટિયો ગિયોઓઓ..! એઈઇ જાય..! ઢેન્ઢેઢેએન.! ઓઈઈ..પેલો કાબરો આપરી બાજુ આવતો સે હંઅઅકે..! લપેટ..લપેટ...! સોડ..સોડ..! તું દોરી સોડ..! અલ્યા, તારી તે... ફિરકી કાં સોડે, ફિરકીનો દોરો સોડની..? તારા કપાળમાં કાંદા ફોડું, બીજે હું કામ ધીયાન આઈપા કરે, પતંગમાં આપ ની..! સાલ્લો..હાવ ઢિલ્લો સે તું તો ..! લેએએએ...! કપાવી મુઈકો બુચાએ...! કરાવી નાઈખું મુંડન..! “તારી તો.! ( બોસ..! આગળ જે બોલ્યો તે, લખાય એવું નથી યાર..! પણ આખું ખાનદાન ખૂંદી નાંખે...!”) આવા કોલાહોલમાં મરઘાં એવાં ઠરી જાય કે, ટૂંટિયું વળીને ટોપલામાં જ બેસી રહે, બહાર પણ નહિ નીકળે. બેસી રહે..! એ પણ સમજે કે, નાદાનકી દોસ્તી જીવકા જાન..! જે જોય તે, ઉત્તરાયણ એટલે મઝા-મસ્તી અને શુરાતનનો તહેવાર..! વિદેશી પણ દક્ષિણ ગુજરાતમાં ફિરકી દોરો પકડીને જંગે ચઢે તો સુરતી બની જાય..! ગુજલીશમાં બોલે ‘વૌઊઊ કાટ્યો..કાટ્યો, સેન્ડ સેન્ડ દોરું સેન્ડ..! તારા કપાળમાં કાંદા ફોડું..!



## મંગલ મસ્તી

રમેશભાઈ ચાંપાનેરી ‘રસમંજન’

ઉત્તરાયણના ‘ડાયલોગ’ એટલે ભરેલાં મરચાંના શાક જેવા..! ટેસ્ટી પણ લાગે ને બેસ્ટી પણ લાગે. આકાશમાં લેપળી સાથે જેહાદી લવ થયો હોય એવો ધાબે ધાબે કોલાહોલ ઊપડે. પણ પતંગના રસિકડાને કોઈ લેવા-દેવા નહિ, સૂર્ય મકરમાં જાય કે, મગરના મોંઢામાં, પોતાનો પતંગ ક્યાં જાય એમાં જ મસ્ત..! એ ભલો ને એનો પતંગ ભલો..! જેને પતંગ ચગાવવાના ચહકડા હોય ને, એ હોસ્પિટલની પથારીમાં પણ સખણો નહિ રહે ..! પગે પ્લાસ્ટર હોય તો, પગ હલાવીને સૂતોસૂતો પણ હટપટ કરે. ‘નળી ને બાટલા પણ હલાવી નાંખે..! ઉત્તરાયણ આવે એટલે ગબ્બરસિંહના સૈનિકો ગામમાં ધસી આવ્યા હોય કે, ધાબે ધાબે આતંકવાદી છુપાયા હોય, એમ એવા બરાડા પાડે કે, ચકલા પણ ઊડવાના રૂટ બદલી નાંખે.

આ તો એના જેવું છે દાદૂ..! ‘માંહી પડ્યા તે મહાસુખ માણે, ને દેખણહારા દાઝે જો ને..!’ઉત્તરાયણ આવે એટલે ‘હેમોગ્લોબિન’ વધી જતું હોય, એમ ડોહલા પણ પેચ લગાવવા ટટાર થઈ જાય. શ્રી રામ જાણે ક્યાંથી ઈમ્યુનિટી’ આવી જાય..! શ્વાસની ફિરકીમાં માંડ માંજો બચ્યો હોય, ને છેલ્લી ઓવર ચાલતી હોય તો પણ લલકારવા માંડે, “ચલી ચલી રે પતંગ મેરી ચલી રે...! શરીરને ઉંમરનો ઢોળ ચઢ્યા પછી, પતંગને પૂંછડાં બાંધવા પણ કોઈ નહિ બોલાવે, છતાં ડોહા પણ મસ્તીમાં આવી જાય. પતંગરસિયાનાં મગજડાં ક્યારેય ઘરડાં થતાં નથી. મેમરી ઉભરાવા માંડે કે, બે-ચાર-વારની દોરી સાથે પતંગ બાંધીને શેરીમાં કેવા દોડતા હતા? હવે તો ઘૂંટણ પણ ટણકે, ને દોડવા ગયા તો પાછળ કૂતરા દોડે..! કૂતરાઓએ ટીપું ઘી પીધું ના હોય, છતાં કૂતરાનાં ઘૂંટણિયાં ટણક મારતાં નથી. આજ સુધીમાં એક પણ કૂતરાને અમે ઘુંટણાના દુખણાને કારણે, ઢળી પડતાં જોયો નથી. સીધા જતા કૂતરાને ક્યારેય હઅઅઅડ નહિ કરવું. છંછેડવા ગયા તો, ‘કુત્તેકી જાન ખતરેમેં હૈ’નો મેસેજ દરેક કૂતરાને મળી જાય, ને હોલસેલ કૂતરાં દોડતાં થઈ જાય..! એમાં આપણે વળી રાજહઠ, બાળહઠ, સ્ત્રીહઠ જ શીખેલા, પીછેહઠવાળું તો શીખેલા જ નહિ, એટલે પાટલુન પણ બગાડે. ભરોસો નહિ...! ગૂંચવાયેલી દોરી જેવી હાલત થઈ જાય..!

**લાસ્ટ બોલ**

પતંગ પંજામાં હોય ત્યાં સુધી
જ સજ્જન..! પાંડવની માફક
સંપીને રહે. જેવો છૂટો પડે ને
એવી દોરી બંધાય કે, હિંસક
બની જાય. જેની સાથે પંજામાં
રહ્યો હોય, એને પણ કાપે.
એ બે આંખની શરમ નહિ
રાખે. આપણો પતંગ આપણી
બાજુવાળો જ કાપવાનો છે. એ
‘ફિલોસોફી’ સમજાવે એનું નામ
ઉત્તરાયણ..!
તારા કપાળમાં કાંદા ફોડું..!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.